## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા દાહોદ જીલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર યોજાઇ.

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ગામ:- કાળિયા, તાલુકો:- ફતેપુરા, જિલ્લો:- દાહોદ ખાતે "ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ- ભારતીય મકાઇ સંશોધન સંસ્થા", લુધિયાણા દ્વારા સંચાલિત યોજના ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત તા. ૧૦/૦૬/૨૦૨૧ ના રોજ ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ હતુ જેમાં અનુસુચિત જન-જાતિના કુલ ૫૫-૬૦ જેટલા ખેડૂત ભાઈઓ તથા બહેનોને ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે સદર ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં અત્રેના કેન્દ્રના ડો.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ (પ્લાન્ટ બ્રિડર) મકાઇ પાકમાં બીજ ઉત્પાદન અંગે તેમજ મકાઇની વિવિધ જાતો અંગે ખેડૂત-મિત્રોને માહિતગાર કરેલ હતા. ડો. આર.જી.મછાર, યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ એ ચોમાસુ મકાઇની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ વિષે ખેડૂત-મિત્રોને વિસ્તાર પૂર્વક માહિતી આપેલ હતી.

શ્રી. ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઇ પાકમાં આવતી નવીન જીવાત લશ્કરી ઇયળની ઓળખ અને તેના નિયંત્રણ વિષે તેમજ શ્રી. વી.જે.પટેલ, સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ દ્વારા બાયો-ફર્ટીલાઇઝરથી થતાં ફાયદા અને તેની ઉપયોગિતા વિષે ખેડૂત-મિત્રોને જાણકારી આપેલ હતી. કાર્યક્રમના અંતે ખેડૂત-મિત્રોના મકાઇ પાકને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.





ટ્રાયબલ સબ-પ્લાન અંતર્ગત ખેડૂત-શિબિર, સ્થળ:- કાળિયા, તાલુકો:- ફતેપુરા, જિલ્લો:- દાહોદ